# ૩૫ વિધાનસભા બેઠકોમાં ૧૫ ટકાથી વધુ મુસ્લિમ છે

## જમાલપુર-ખાડીયામાં ૬૧ ટકા મુસ્લિમ મતદારો હોવાથી ભાજપને મુસ્લિમ ઉમેદવાર પર વિચારણાની ફરજ પડશે

અમદાવાદ,તા. ૨૮

ગુજરાતમાં વિધાનસભાનીં ચૂંટણી માટેનો કાર્યક્રમ જાહેર થઈ ચુક્યો છે ત્યારે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પણ ક્યાં વધારે મુશ્કેલી પડી શકે છે અને ક્યાં ઓછી મુશ્કેલી પડી શકે છે તેવી ગણતરી કરી રહ્યા છે. કેટલીક એવી બેઠક છે જ્યાં મુસ્લિમ મતો નરેન્દ્ર મોદીની આકરી કસોટી કરી શકે છે. સદભાવના શોને લઈને ભાજપ દ્વારા વિચારણા હાથ ધરાઈ છે. ભાજપે હંમેશા ચૂંટણી મેદાનમાં ઓછા મુસ્લિમોને મેદાનમાં ઉતાર્યા છે. મોદીએ મુસ્લિમ વર્ચસ્વવાળા મત વિસ્તારમાં સિમાંકન બાદની સ્થિતિની સમિક્ષા પણ કરી છે. છેલ્લી બે વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે કોઈ પણ મુસ્લિમ ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા ન હતા. એક વખતે ખાડીયાની બેઠકમાં મુસ્લિમ વસ્તી ઓછી હતી પરંતુ હવે મુસ્લિમ મતદારો પણ વધી ગયા છે.

કેટલીક વિધાનસભા બેઠકમાં કુલ મતદારોમાં મુસ્લિમ મતદારોની સંખ્યા ખુબ વધારે છે. ૩૫ સીટ એવી છે જ્યાં ૧૫ ટકાથી વધારે મત મુસ્લિમોના છે. આવી સ્થિતિમાં મોદી માટે આ વખતે કસોટી થઈ શકે છે. સિમાંકન બાદ ભાજપની જમાલપુર-ખાડીયા માટે મુસ્લિમની વિચારણા કરવાની ફરજ પડી રહી છે. ખાડીયાથી થોડાક કિલોમીટરના અંતરે બે મત વિસ્તાર છે. નારણપુરા અને ઘાટલોડિયામાં શૂન્ય ટકા મુસ્લિમ મતદારો છે. આ બંને હિન્દુ મતવિસ્તાર છે. અમિત શાહ અને આનંદીબેન પટેલ વચ્ચે ઘાટલોડિયાની બેઠકની ખેંચતાણની સ્થિતિ છે. સિમાંકનના કારણે આ વખતે ઘણી બેઠકોના પરિણામ પર માઠી અસર થઈ શકે છે. ટોચની ૧૦ મુસ્લિમ વર્ચસ્વવાળી બેઠકોમાં દાણીલીમડા, દરિયાપુર, વેજલપુર, બાપુનગરમાં મુસ્લિમોની મત ટકાવારી વધારે છે. આ તમામ વિસ્તારમાં મુસ્લિમોની મત ટકાવારી ક્રમશઃ ૪૮, ૪૬, ૩૫ અને ૨૮ છે. જ્યારે જમાલપુર-ખાડીયામાં મુસ્લિમ મતદારોની ટકાવારી ૬૧ ટકાની આસપાસ છે.

આ દસ બેઠકો ઉપરાંત ૨૫ અન્ય એવી બેઠક છે જ્યાં મુસ્લિમોની મત ટકાવારી ૧૫ ટકાથી વધારે છે. જ્યારે સાત બેઠકો એવી છે જ્યાં મુસ્લિમોની મત ટકાવારી ૨૦ ટકાથી વધારે છે. જેમાં ગોધરા, વાંકાનેર, અબડાસા, માંડવી, સિદ્ધપુર, સોમનાથ અને સુરત ઈસ્ટનો સમાવેશ થાય છે. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં આ અંગેના અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યા બાદ રાજકીય વર્તુળોમાં આ બેઠકોને લઈને નવી ચર્ચા શરૂ થઈ ગઈ છે. મોદી માટે નવી વ્યૂહરચના ઘડવાનો સમય આવી ગયો છે. જમાલપુર-ખાડીયા ઉપરાંત દાણીલીમડામાં ૪૮ ટકા, દરિયાપુરમાં ૪૬ ટકા, ભરૂચમાં ૩૮ ટકા, બાપુનગરમાં ૨૮ ટકા મુસ્લિમ મતદારો છે.




નવરાત્રી પછી ઠંડીનો ચમકારો શરૂ થતાં જ પાલનપુરમાં તસ્કરોનો ત્રાસ શરૂ થઈ ગયો છે. શહેરના ડેરી રોડ ઉપર મનદીપ રેસીડેન્સી (બંગ્લોઝ)માં ગત રાત્રે તસ્કરો ત્રાટકયા હતા. અને દાગીના લઈ પલાયન થઈ ગયા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

### કેશુભાઈ પટેલ પાટીદાર મત ખેંચી શકે

# સુરતમાં ઉમેદવારોની પસંદગી ભાજપ -કોંગી માટે મહત્ત્વપૂર્ણ

## ઉમેદવારોની પસંદગી કરવામાં કોઈ ભૂલ બંને પક્ષને ખૂબ ભારે પડી શકે છે : રાજકીય ગણતરીનો દોર હાથ ધરાયો

સુરત,તા. ૨૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના આડે વધુ સમય રહ્યો નથી ત્યારે ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. પટેલ, ઓબીસીની નજર હાલ રચવામાં આવેલા સુરત મતવિસ્તારો પર કેન્દ્રિત થઈ ગઈ છે. આ બેઠકો ચોર્યાશીમાંથી અગલ થઈ છે. ગુજરાતમાં ચોર્યાશીને બીજી સૌથી મોટી વિધાનસભા સેગમેન્ટ તરીકે ગણવામાં આવે છે. ચોર્યાશીમાં મતદારો મોટાભાગે ઓબીસી અને સૌરાષ્ટ્રીયન પાટીદાર સમુદાયના છે જેથી રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયામાં થોડીક પણ ભૂલ તેમને ભારે પડી શકે છે. રાજકીય નિરિક્ષકો માને છે કે આ વિસ્તાર પરંપરાગત રીતે ભાજપના મજબુત ગઢ તરીકે રહ્યા છે. જાતિના સમીકરણો મહત્વપૂર્ણ રહ્યા છે છતાં અન્ય પરિબળોની અવગણના કરી શકાય નહીં. આ વખતે ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ ચૂંટણી મેદાનમાં નવી પાર્ટી સાથે ઉતરી રહ્યા છે. ગુજરાત પરિવર્તન પાર્ટી કેટલાક પાટીદાર મતોને આકર્ષિત કરી શકે છે. સ્થાનિક નેતાઓ પણ આ બાબતને નિખાલસપણે સ્વીકારે છે. ભાજપ અને કોંગ્રેસના સભ્ય આશાવાદી દેખાઈ રહ્યા છે. સુરતને મુખ્યરીતે ડાયમંડ હબ તરીકે ગણવામાં આવે છે. અહીં કારોબારીઓ વધુ પ્રમાણમાં મતદાનમાં ભાગ લેતા હોય છે. વાસ્તવીકતા એવી છે કે જાતિ અને આર્થિક વર્ચસ્વ હંમેશા રહ્યુ છે. ચોર્યાશીમાં મતદારોની સંખ્યા પણ ખુબ ઉંચી હોવાથી આ વખતે ભાજપ અને કોંગ્રેસ બંને માટે અહીંની વ્યૂહરચના ખૂબજ મહત્વપૂર્ણ રહેશે. મોટી સંખ્યામાં વર્તમાન ભાજપ સભ્યો અહીં ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. અહીંના સભ્યો પણ વર્તમાન વિધાનસભામાં જોવા મળે છે. કોંગ્રેસના સંભવિત ઉમેદવારોમાં મોહન ધાનજી પટેલ(કારંજ) ઉપરાંત જયસુખ ઝાલાવાડીયા, મુકેશ જિયાનીનો સમાવેશ થાય છે. આવી જ રીતે કતારગામ સીટ માટે કેટલાક ઉમેદવારોની સંભવિત ટૂંકી યાદી તૈયાર કરવામાં આવી છે.

**વડીલોને વંદન**

**અભિનંદન**

**આજે જન્મદિવસ**



જયંતિલાલ વીરજી સાપરીયા (૧૯૪૬) ફોન: ૨૩૨૨૪૬૦૫

### ૨૦૦૭માં ૪૮૦ પૈકી માત્ર બેની જ જીત થઈ

# ગુજરાતમાં અપક્ષ ઉમેદવારોને પ્રમાણમાં ઓછી સફળતા મળી

## ૨૦૦૨માં ૩૪૪ ઉમેદવારો પૈકી માત્ર બે ઉમેદવારોની જીત થઈ હતી : ગુજરાતમાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે સ્પર્ધા

અમદાવાદ,તા. ૨૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટેનો તખ્તો તૈયાર થઈ ગયો છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ સિવાય અન્ય નાના પક્ષોના ઉમેદવારો પણ જીત મેળવવા માટે આ વખતે આશાવાદી દેખાઈ રહ્યા છે. અગાઉ કરતા મોટી સફળતા મેળવવા માટે આશાવાદી છે પરંતુ ગુજરાતનો ઈતિહાસ દર્શાવે છે કે ભાજપ અને કોંગ્રેસ સિવાય અન્ય રાજકીય પક્ષોના ઉમેદવારોને ક્યારે પણ ગુજરાતમાં મોટી સફળતા હાથ લાગી નથી. ૨૦૦૭ વિધાનસભાની ચૂંટણી વાત કરવામાં આવે તો કુલ ૪૮૦ ઉમેદવારો મેદાનમાં ઉતર્યા હતા જે પૈકી માત્ર બે ઉમેદવારોની જ જીત થઈ હતી.

૨૦૦૭માં જે ઉમેદવારો જીતી ગયા હતા તેમાં ધંધુકામાં રણછોડભાઈનો સમાવેશ થાય છે જ્યારે પાદરામાં દિનશા પટેલની જીત થઈ હતી. આવી જ રીતે ૨૦૦૨ની ચૂંટણીમાં બે અપક્ષ ઉમેદવારો જીતી ગયા હતા જેમાં ચોટીલામાંથી જિંજારિયા પોપટ અને દિયોદરમાંથી ભેમા ચૌધરીનો સમાવેશ થાય છે. આ બંને ઉમેદવારોએ પણ શાનદાર જીત મેળવી હતી જો કે વિધાનસભાની ચૂંટણીની વાત કરવામાં આવે ત્યાં સુધી મોટાભાગના ઉમેદવારો ભાજપ અને કોંગ્રેસના જ જીતતા રહ્યા છે જેથી અપક્ષોની હાલત કફોડી રહી છે. જુના દાખલાને ધ્યાનમાં લેવામાં આવે તો પણ ચિત્ર સ્પષ્ટ થઈ જાય છે.

ગુજરાતમાં ભાજપ અને કોંગ્રસ વચ્ચે સીધી સ્પર્ધા રહી છે. પરંપરાગત રીતે અપક્ષ ઉમેદવારો ઓછા મેદાનમાં રહ્યા છે. સરેરાશ ગુજરાતમાં પ્રતિ બેઠક ૨.૬ અપક્ષ ઉમેદવાર રહ્યા છે. એક અગ્રણી અખબારમાં આંકડાકીય વિગત સાથે માહિતી આપવામાં આવી હતી જે અપક્ષોની હાલતનું ચિત્ર સ્પષ્ટ કરે છે.

### અપક્ષોનું ચિત્ર...

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના ઈતિહાસમાં અપક્ષ ઉમેદવારોને ખુબ ઓછી સફળતા હાથ લાગી છે. ૨૦૦૭માં ચૂંટણી મેદાનમાં રહેલા ૪૮૦ ઉમેદવારો પૈકી માત્ર બે ઉમેદવારોની જીત થઈ હતી.આંકડા નીચે મુજબ છે.

| વર્ષ | અપક્ષ ઉમેદવારો | વિજેતા |
|---|---|---|
| ૧૯૬૨ | ૧૩૧ | ૦૭ |
| ૧૯૬૭ | ૨૨૭ | ૦૫ |
| ૧૯૭૨ | ૩૩૭ | ૦૮ |
| ૧૯૭૫ | ૩૬૬ | ૧૬ |
| ૧૯૮૦ | ૪૩૬ | ૧૦ |
| ૧૯૮૫ | ૫૧૫ | ૦૮ |
| ૧૯૯૦ | ૯૮૦ | ૧૧ |
| ૧૯૯૫ | ૧૬૧૭ | ૧૬ |
| ૧૯૯૮ | ૪૧૫ | ૦૩ |
| ૨૦૦૨ | ૩૪૪ | ૦૨ |
| ૨૦૦૭ | ૪૮૦ | ૦૨ |

### ભાજપ મિડીયા સેલની બેઠકમાં સંકલ્પ

# યુપીએ કુશાસનની વાત પ્રજા સુધી લઈ જવા સંકલ્પ કરાયો

## યુપીએ સરકારે પ્રજાને કારમી મોંઘવારીની ખાઈમાં ધકેલી દીધી : ખાનપુર કાર્યાલયમાં મિડિયા સેલની બેઠક યોજાઈ

અમદાવાદ, તા. ૨૮

યુપીએ સરકારના ભ્રષ્ટાચારથી ખદબદતા અને પ્રજાને કારમી મોંઘવારીની ખાઈમાં ધકેલી દેનારા કુશાસનની વાત છેવાડાના માનવી સુધી લઈ જવાનો સંકલ્પ ભાજપ મિડીયા સેલની બેઠકમાં લેવામાં આવ્યો હતો. આજ ભારતીય જનતા પાર્ટી ખાનપુર કાર્યાલય ખાતે રાજ્યના મિડીયા સેલની એક સમીક્ષા બેઠક મળી હતી. બેઠકમાં આગામી વિધાનસભાની ચૂંટણીઓના સંદર્ભે વિગતવાર સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. આજની બેઠકમાં પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા સીતારામન તથા રાજ્યના શહેરી વિકાસ મંત્રી નીતિન પટેલ સવિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને ઉપસ્થિત મિડીયા સેલ પ્રતિનિધિઓને વિશેષ માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. આગામી દિવસોમાં રાજ્યના ચારેય ઝોનમાં નીચે જણાવ્યા પ્રમાણે રાષ્ટ્રીય પ્રતિનિધિઓ તેમની સેવાઓ આપશે જેમાં અમદાવાદ-શ્રીકાંત શર્મા, સૌરાષ્ટ્ર (રાજકોટ) - સિદ્ધનાથસિંહ, દક્ષિણ ઝોન (સુરત) - માધવ ભંડારી, મધ્ય ઝોન (વડોદરા) - કે.કે.શર્માનો સમાવેશ થાય છે. આગામી દિવસોમાં છેલ્લા ૧૧ વર્ષમાં ભારતીય જનતા પાર્ટીના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના શાસનમાં થયેલા સર્વાંગીણ વિકાસની યશગાથાને જનજન સુધી અસરકારક રીતે પહોંચાડવા તથા દિલ્હીની કોંગ્રેસના નેતૃત્વવાળી યુ.પી.એ. સરકારના ૮ વર્ષના ભ્રષ્ટાચારની ખદબદતા તથા સામાન્ય પ્રજાજનને કારમી મોંઘવારીની ઉંડી ખાઈમાં ધકેલી દેનારા કુશાસનની વાત છેવાડાના માનવી સુધી લઈ જવાના સંકલ્પ સાથે પુરા જોશભેર કામ લાગી જવાનો સંકલ્પ પણ આજની બેઠકમાં એકસૂરે વ્યક્ત કરવામાં આવ્યો હતો. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી નજીક છે ત્યારે બેઠકમાં તમામ પાસાઓ પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. વ્યૂહરચનાને લઈને પણ કાર્યકરો ઉત્સાહિત દેખાયા હતા. બેઠકોના દોર હવે યથાવતરીતે જારી રહે તેવી શક્યતા દેખાઈ રહી છે.



લોયલા સ્કૂલની નજીક કામનાથ મહાદેવ હોલમાં ગાયત્રી પરિવાર દ્વારા ૨૪ કુંડી હવનનું આયોજન કરવામાં આવ્યું હતુ.

# કાલુપુર-દરિયાપુર ખાતે જૂથ અથડામણ બાદ વધુ તંગદિલી


## કાયદો અને વ્યવસ્થાને જાળવી રાખવા માટેની બાબતને તહેવારમાં સર્વોચ્ચ પ્રાથમિકતા : પેટ્રોલીંગ તીવ્ર બનાવાયું

અમદાવાદ,તા. ૨૮

તહેવાર આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે કાલુપુર અને દરિયાપુરમાં શનિવારે જૂથ અથડામણ થઈ ગયા બાદ કોટ વિસ્તારમાં ફરી એકવાર તંગદિલી ફેલાઈ ગઈ છે. શનિવારે વહેલી સવારે ગૌહત્યા માટે એક પશુને લઈ જઈ રહેલા ઓટો રિક્સાને કબજે કરવામાં આવ્યા બાદ બે જૂથો આમને સામને આવી ગયા હતા. પોલીસે તરત જ પહોંચી જઈને સ્થિતિને કાબૂમાં લઈ લીધી હતી અને ટોળાને વિખેરી દીધા હતા. પોલીસે ૧૫૦થી વધુ લોકો સામે હિંસાનો કેસ દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસે માહિતી આપતા કહ્યુ છે કે આ બનાવ બન્યા બાદ સુરક્ષાવ્યવસ્થા વધારવામાં આવી છે. પથ્થરમારાના બનાવમાં ત્રણ લોકોને ઈજા થઈ હતી. ઝવેરીવાડ પોલીસ ચોકીના પોલીસ અધિકારી ફરિયાદી બન્યા છે અને ૧૫૦થી વધુ લોકોના ટોળા સામે હિંસાનો કેસ દાખલ કર્યો છે. કાલુપુર પોલીસ સ્ટેશનના અધિકારીના જણાવ્યા મુજબ તોફાની તત્વોને ઓળખી કાઢવા માટેની પ્રક્રિયા ચાલી રહી છે. કબજે કરવામાં આવેલા પશુને પાંજરાપોળમાં મોકલી દેવાની પ્રક્રિયા પણ હાથ ધરાઈ હતી. દરમિયાન પોલીસ દળ સંવેદનશીલ જગ્યાઓએ પહોંચીને પેટ્રોલીંગની પ્રક્રિયા હાથ ધરી હતી. આજે સતત બીજા દિવસે કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે સાવચેતીના પગલારૂપે પેટ્રોલીંગની પ્રવૃત્તિ જારી રહી હતી. બીજીબાજુ તહેવાર નજીક હોવાથી કાયદો અને વ્યવસ્થાને જાળવી રાખવા માટે તંત્રએ કમરકસી લીધી છે.

**શબ્દાવલી - ૪૮૮૩**



**આડી ચાવી**

૧. નોકરી-ધંધો આવકનું સાધન (૪)
૬. માછલા પકડવાનો આંકડો, ગુપ્તવાત (૨)
૭. જરૂર હોવી તે (૫)
૧૦. ધૂન લાગવી, .... ચડવી (૩)
૧૨. અહેવાલ, નિવેદન (૩)
૧૪. અધુરપ, ઓછું હોય તેવું (૨)
૧૫. ઘોડે સવારે ચાબુક અને... બંને હાથમાં રાખવા પડે (૩)
૧૮. માગવું તે, ...કરવી (૩)
૨૧. 'જયારે' ને સંસ્કૃતમાં... કહેવાય (૨)
૨૨. ઘટી, તક-પ્રસંગ (૨)
૨૪. યુરોપી પહેરવેશમાં ગળે બંધાતી એક પટ્ટી (૨)
૨૫. ઓછા પ્રકાશની બત્તી (૫)
૨૬. તફાવત, ફેર (૨)

**ઊભી ચાવી**

૧. રોગનો ઉપદ્રવ (૪)
૨. બળતરા (૩)
૩. રજોટી (૨)
૪. તીખા, તેજાનાના મસાલાની એક ચીજ (૩)
૫. ઝટકો, ઘા (૨)
૮. હાજર, સામે જ હોય તેવું (૩)
૯. અવકાશ...., વિમાન (૨)
૧૧. કૃષિ, કરીમ (૪)
૧૩. કર્ણાવટી નગરી (૫)
૧૬. ગૌરી, ગૌ (૨)
૧૭. પાઘ, ફેંટો (૩)
૧૯. સાદડી (૩)
૨૦. રાત્રીને અંગ્રેજીમાં... કહેવાય (૩)
૨૩. ઓછું, ધીરૂં (અંગ્રેજીમાં)

**શબ્દાવલી ૪૮૮૨ના જવાબ**

**આડી ચાવી :-** (૧) સ્વરાજ (૪) તમસ (૭) માગણ (૮) રગશિયુ (૧૦) સરકસ (૧૩) કાટ (૧૪) જયા (૧૫) પરવસ (૧૭) વર (૧૮) કમાઈ (૧૯) અરીસા (૨૦) રાડ (૨૨) સદરો (૨૩) રાજન

**ઊભી ચાવી :-** (૧) સ્વમાન (૨) રાગ (૩) (૪) તરકટ (૫)મગસ (૬) સશિ (૯) યુરીયા (૧૧) રકાસ (૧૨) પરવરીસ (૧૪) જમાઈરાજ (૧૬) વરસાદ (૧૮) કઢી (૨૧) ડન

### જીતોની બિઝનેસ મીટમાં મોદીના કેન્દ્ર પર પ્રહારો

# કેન્દ્રની નીયત, નીતિ, નેતૃત્વ પર મોદીના આકરા પ્રહારો

## વર્તમાન કેન્દ્ર સરકારે હાલ ભારતીય સંસ્કૃતિની વિરાસતના મૂળીયા ઉખેડીને દેશને તબાહ કર્યો : મોદીનો સીધો આક્ષેપ

અમદાવાદ, તા. ૨૮

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદમાં જીતોની બિઝનેસ મીટના અતિથિ વિશેષ તરીકે આજે કેન્દ્રની વર્તમાન મનમોહનસિંહ સરકાર અને સોનિયા ગાંધીના નેતૃત્વની કોંગ્રેસની નિયત, નીતિ અને નેતૃત્વ સામે માર્મિક પ્રહારો કર્યા હતા. કેન્દ્ર સરકાર ભારતીય સંસ્કૃતિની વિરાસતના મૂળીયામાંથી દેશને ઉખેડીને બરબાદ કરી રહી છે એમ તેમણે જણાવ્યું હતું.

ભારતીની મહાન વિરાસતનું નિર્માણ દેશના શાસકોએ નહીં પરંતુ ઋષિ-મનીષીઓએ કર્યું છે અને આ ભૂમિ ઉપર મહાવીર, બુદ્ધ, ગાંધીજી જેવા યુગ પુરુષોએ અહિંસાની સંસ્કૃતિ દ્વારા વિશ્વ ઉપર પ્રભાવ પાથરી શક્યા છે એ પુરવાર કર્યુ છે ત્યારે કેન્દ્રની કોંગ્રેસ સલ્તનત માંસ-મટનની નિકાસ અને કતલખાનાને સબસીડી અને પ્રોત્સાહનો આપી અબોલ પશુઓની કત્લેઆમ દ્વારા હિન્દુસ્તાનને દુનિયાનું સૌથી મોટુ મટન-નિકાસકાર બનાવવા માંગે છે એમ તેમણે જણાવ્યં હતું. વર્તમાન કોંગ્રેસ સરકાર અને તેના વડાપ્રધાનની, દેશની સંસ્કૃતિના પાયામાંથી ભારતને ઉખેડી નાંખવાની નિયત, નીતિ અને નેતૃત્વને પડકારતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વીસમી સદીના ઉત્તરાર્ધમાં દુનિયા એવું માનતી હતી કે ૨૧મી સદી હિન્દુસ્તાનની સદી છે પરંતુ પહેલા દશકના અંતે કેન્દ્રની કોંગ્રેસસરકારે એવી તો લૂંટ ચલાવી કે હિન્દુસ્તાન દુનિયાનો સૌથી યુવાદેશ હોવા છતાં દેશની વિરાટ જનશક્તિના સામર્થ્યના સપના રોળાઈ ગયા છે. આપણા દેશને બે આબરૂ કરનારી કોંગ્રેસ સરકાર પાસે દેશની સમસ્યા ઉકેલવાની કોઈ જ દિશા નથી. તેની સાથે વિકાસની સ્પર્ધા કરવા ગુજરાત જેવું નાનું રાજ્ય પણ પડકાર કરે છે પણ મનમોહનસિંહે મૌન ધારણ કરેલું છે! મુખ્યમંત્રી એ આ સંદર્ભમાં જણાવ્યું કે ગુજરાતે અઢી હજાર જેટલા સ્કીલ ડેવલપમેન્ટના કોર્સ શરૂ કરી દીધા છે જ્યારે કેન્દ્ર સરકારે ૫૦૦ના આંકડાથી આગળ વધતી નથી. ચીનમાં ૫૦૦૦૦ જેટલા કૌશલ્ય વિકાસના અભ્યાસક્રમો છે. ગુજરાતે ત્રણ વર્ષ પહેલા ૧૮૦૦૦ ગામોમાં ઈન્ટરનેટ બ્રોડબેન્ડ કનેક્ટીવિટી નાંખી દીધી ત્યારે કેન્દ્ર સરકાર આ વર્ષે દેશના ૩૦૦૦ ગામોને બ્રોડબેન્ડ કનેક્ટીવીટી આપવાનો પાઈલોટ પ્રોજેક્ટ જાહેર કરે છે. ગુજરાતે એશિયાનો સૌથી મોટો સોલાર એનર્જી પોલીસી અમલમાં મૂકી ૮૦ ટકા સોલાર પાવર પેદા કરે છે. ગુજરાતે એશિયાનો સૌથી મોટો સોલાર એનર્જી પોલીસીની નકલ કરનારી કેન્દ્ર સરકાર માંડ વીસ ટકા સોલાર પાવર પેદા કરે છે. કારણ તેની નિયત ઉપર ભરોસો નથી!

### ચૂંટણી લડશે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ઘાટલોડિયા અને નારાયણપુરામાં વિભાજનની સ્થિતી થઈ ગયા બાદ હવે અમિત શાહને કોઈ તકલીફ નથી. અમિત શાહે કહ્યું હતું કે કોઈ પણ જગ્યાએથી તેઓ ભવ્ય જીત મેળવી શકે છે.

ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીના નજીકના સાથી અને ભાજપના ધારાસભ્ય અમિત શાહ સેન્ટ્રલ બોર્ડ ઓફ ક્રિકેટ અમદાવાદ ચૂંટણીની જાહેરાત કરવા આયોજિત પ્રેસમાં વાત કરી રહ્યા હતા. શાહે કહ્યું હતું કે રાજ્યમાં તેઓ પક્ષ માટે પ્રચારમાં સક્રિય છે. સપ્ટેમ્બર મહિનામાં શાહ ગુજરાતમાં પરત ફર્યા હતા. બે વર્ષના લાંબા ગાળા બાદ ગુજરાતમાં પરત ફરનાર શાહ આક્રમક મુડમાં દેખાઈ રહ્યા છે. ગુજરાતમાં પ્રવેશ કરવા તેમને સુપ્રીમ કોર્ટે મંજૂરી આપી દીધા બાદ તેઓ રાજ્યમાં પ્રવેશ્યા હતા. સુપ્રીમ કોર્ટે શોહરાબુદ્દીન શેખ બનાવટી એન્કાઉન્ટર કેસમાં તેમને મંજૂર કરવામાં આવેલા જામીન રદ કરવાની માંગ કરતી સીબીઆઈની અરજીને ફગાવી દીધી હતી. અમદાવાદમાં પરત ફર્યા બાદ શાહ હાલ લો પ્રોફાઈલ દેખાઈ રહ્યા છે. મિડિયા અને જાહેર કાર્યક્રમોને ટાળી રહ્યા છે. સીબીઆઈએ તેની ચાર્જસીટમાં તૂલસી પ્રજાપતિ એન્કાઉન્ટર કેસમાં શાહનું નામ આપ્યુ હતુ. શાહ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીના આધાર પર સુપ્રીમ કોર્ટે પ્રજાપતિ કેસમાં તમામ કાર્યવાહી પર સ્ટે મુક્યો હતો.

### પુરી-અમદાવાદની ટ્રેનમાંથી ચાર મહિનાની બાળકી મળી

અમદાવાદ, તા. ૨૮

પુરી-અમદાવાદ ટ્રેનમાંથી આજે સવારે ૭.૩૦ વાગ્યે માત્ર ૩ થી ૪ મહિનાની બાળકી મળી આવતાં રેલવે સ્ટેશન પર દોડધામ મચી ગઈ હતી. પુરીથી અમદાવાદ આવેલી ટ્રેનના એસ-૯ના બર્થ નંબર ૩૦માંથી આ બાળકી મળી છે. આ બાળકી ચેકિંગ દરમિયાન તંત્રને મળી આવી છે. અત્યારે આ બાળકીને વધુ તપાસ માટે સિવિલ હોસ્પિટલમાં મોકલી આપવામાં આવી છે. જો કે, આ બાળકી કોણ છે, તે હજૂ સુધી જાણી શકાયું નથી. મળતી માહિતી મુજબ પુરીથી અમદાવાદ રેલવે સ્ટેશને સવારે આવેલી ટ્રેન ખાલી થઈ ગયા પછી સાફ-સફાઈ માટે ટ્રેન કાંકરિયા યાર્ડમાં ગઈ હતી. ત્યાં સ્વચ્છતા કરતાં કર્મચારીઓ ટ્રેનનું ચેકિંગ કરી રહ્યા હતા, તે દરમિયાન એસ-૯ના બર્થ નંબર ૩૦માં એક બાળકી હોવાનું ધ્યાનમાં આવ્યું હતું.

### કમિશ્નર ગુજરાતમાં

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આ સંદર્ભમાં અગાઉ રાજ્ય ચૂંટણી પંચને રજુઆત કરવામાં આવી હતી પણ કોઈ પગલાં લેવાયા નથી. ભાજપનો ખેસ પહેરીને કાર્ય કરતા અધિકારીઓને બદલવાની કોંગ્રેસ દ્વારા માંગણી કરાશે. આ ઉપરાંત રોકડ નાણાંની હેરાફેરી સામે ચૂંટણી પંચ દ્વારા જે કાર્યવાહી કરવામાં આવે છે તેથી નાના વેપારીઓને પરેશાની ભોગવવી પડે છે એટલે લાભપાંચમ સુધી વેપારીઓને નાણાંની હેરાફેરી માટે છુટ આપવામાં આવે તેવી માંગણી કરાશે.

સૂત્રોના જણાવ્યા મુજબ ભાજપના લીગલ સેલ દ્વારા પણ રજુઆતો કરવામા આવશે. મુખ્ય ચુંટણી કમિશનર સાંજે ૬ વાગ્યે પત્રકાર પરિષદને સંબોધવાના છે. સંપતના આગમન પહેલા જ ભાજપ અને કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષો તેમની વ્યુહરચનાને લઈને રજુઆત કરવાના મુદ્દા તૈયાર કરી ચુક્યા છે. ગુજરાતમાં બે તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. ડિસેમ્બરમાં આચારસંહિતા રાજ્યમાં પહેલાથી જ અમલી બની ચુકી છે.